**આજની પ્રાર્થના....**
અહો દેવના દેવ હો વિશ્વ સ્વામિ, કરૂ સ્તુતિ હું આપની શીશ નામી, દયાળુ પ્રભુ આપદાથી ઉગારો, દીનાનાથ તું એક આધાર અમારો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૯૬ | ૧૬ જુન, ૨૦૨૧, બુધવાર; જયેષ્ઠ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પંજાબ-રાજસ્થાન બાદ હવે કેરળમાં કકળાટ

**કોંગ્રેસ પાર્ટીમાં વધુ એક મુશ્કેલી : કોંગ્રેસમાં આંતરિક કંકાસ ખતમ થવાનો નામ નથી લેતો, હવે પાર્ટી દક્ષિણના મોરચે પરેશાનીનો સામનો કરે છે**

તિરુવનંતપુરમ, તા. ૧૫

કોંગ્રેસ પાર્ટીમાં આંતરિક કંકાસ ખતમ થવાનો નામ જ નથી લેતો. રાજસ્થાન અને પંજાબ બાદ હવે પાર્ટી દક્ષિણના મોરચે પરેશાનીનો સામનો કરી રહી છે. કેરળ કોંગ્રેસના એક વર્ગનું કહેવું છે કે હાઈકમાન તરફથી તેમને નજરઅંદાજ અને સાઈડલાઈન કરવામાં આવી રહ્યા છે.

૨ મેના રોજ કેરળ વિધાનસભા ચૂંટણીના પરિણામ જાહેર થયા અને કોંગ્રેસ પાર્ટીએ હારનો સામનો કરવો પડ્યો. ત્યારબાદ પાર્ટી હાઈકમાને એક્શન લેતા પ્રદેશ અધ્યક્ષ એ. રામચંદ્રન ઉપરાંત વિપક્ષના નેતા રમેશ ચેન્નિથલાને પદ પરથી હટાવી દીધા.

એક રિપોર્ટ મુજબ હાઈકમાને એક્શન લીધા બાદ રમેશ ચેન્નીથલના સમર્થકો ભડકી ગયા અને હવે તેમણે આરોપ લગાવ્યો કે ભલે તેમને પદ પરથી હટાવવામાં આવ્યા હોય પરંતુ વિદાય સન્માનજનક નથી રહી. સમર્થકોનું કહેવું છે કે તેમને સોનિયા ગાંધી સાથે મુલાકાત માટે અપોઈન્ટમેન્ટ પણ નથી મળી.

કેરળમાં શરૂ થયેલા આ સંકટ બાદ કોંગ્રેસના પ્રદેશ પ્રભારી તારિક અનવરે રાજ્યના વિધાયકો, સાંસદો અને સંગઠનના નેતાઓ સાથે વાત કરી છે. અત્રે જણાવવાનું કે કેરળમાં ચેન્નીથલાની જગ્યાએ વીડી સતીષનને વિપક્ષના નેતા બનાવવામાં આવ્યા છે. જ્યારે કે.સુધાકરણને પ્રદેશ અધ્યક્ષની કમાન સોંપાઈ છે.

કેરળમાં શરૂ થયેલું આ સંકટ કોંગ્રેસની ચિંતા વધારનારું છે. કારણ કે ખુદ રાહુલ ગાંધી કેરળની વાયનાડ લોકસભા બેઠકથી સાંસદ છે. રાહુલ ગાંધી માટે આ એક મોટો પડકાર બની રહેશે કારણ કે તેમની ભૂમિકાને લઈને પણ ચિંતા પેદા થાય છે.

## બાળકોમાં કોવેક્સિનના પરીક્ષણ માટે નોંધણી શરૂ

**એઈમ્સમાં ૬ થી ૧૨ વર્ષના બાળકોની નોંધણી**

નવી દિલ્હી,તા.૧૫

દેશના પ્રથમ સ્વદેશી રીતે વિકસિત એન્ટી કોવિડ રસીના છ થી ૧૨ વર્ષના બાળકોમાં ક્લિનિકલ ટ્રાયલ્સ માટે મંગળવારે એઈમ્સમાં નોંધણી શરૂ થશે. આ પછી, બેથી છ વર્ષની વય જૂથનાં બાળકો પર ક્લિનિકલ ટ્રાયલ્સ હાથ ધરવામાં આવશે. ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઈમ્સ)માં ૧૨-૧૮ વર્ષની વય જૂથમાં સ્વયંસેવકોની નોંધણીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને તેમને કોવાસીનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. એઈમ્સના સેન્ટર ફોર કમ્યુનિટી મેડિસિનના પ્રોફેસર ડો. સંજય રાયે પીટીઆઈ-ભાષાને જણાવ્યું હતું કે, ૬ થી ૧૨ વર્ષની વયના બાળકો પર કોવાસીનના ક્લિનિકલ ટ્રાયલ માટેની નોંધણી પ્રક્રિયા મંગળવારથી શરૂ થશે. ડ્રગ્સ કંટ્રોલર જનરલ (ડીસીજીઆઈ) દ્વારા ભારતને ૧૨ મેના રોજ ભારત બાયોટેકના કોવાકસીનનાં બે થી ૧૮ વર્ષની વયના બાળકોમાં ક્લિનિકલ પરીક્ષણો કરવા માટે મંજૂરી આપવામાં આવી હતી. આ ટ્રાયલ ત્રણ ભાગમાં લેવાના છે અને તે અંતર્ગત ૧૨-૧૮, ૬-૧૨ અને ૨-૬ વર્ષના વય જૂથમાં ૧૭૫-૧૭૫ સ્વયંસેવકોના ત્રણ જૂથોની રચના કરવામાં આવશે.

અજમાયશ દરમ્યાન, રસીના બે ડોઝ સ્નાયુઓમાં આપવામાં આવશે, જ્યારે બીજી માત્રા પ્રથમ ડોઝ પછી ૨૮ મી દિવસે આપવામાં આવે છે. ભારત બાયોટેક દ્વારા ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના સહયોગથી કોવાકિનનું સ્વદેશી ઉત્પાદન કરવામાં આવ્યું છે અને હાલમાં તે દેશભરમાં રસીકરણ અભિયાન દરમિયાન પુખ્ત વયના લોકો માટે આપવામાં આવે છે.

## રાજસ્થાનના કોટામાં શાકભાજી માર્કેટમાં અંધાધૂંધ ફાયરિંગ

**૫ ગોળીઓ છોડી પણ વેપારીનો આબાદ બચાવ થયો : બદમાશોએ શાકભાજીના વેપારી પર ગોળીઓ વરસાવતાં માર્કેટમાં ફફડાટ, સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ**



કોટા,તા.૧૫

રાજસ્થાનમાં આવેલું દેશનું કોચિંગ સિટી કોટા ફરી એકવાર ગોળીઓના અવાજથી ધ્રૂજી ગયું છે. કોટા શહેરમાં શાકભાજી માર્કેટમાં સ્થિત એક વેપારી પર બદમાશોએ અંધાધૂંધ ફાયરિંગ કરી દીધું. બદમાશોનું નિશાન ચૂકી જતાં વેપારીનો જીવ બચી ગયો. હુમલાની ઘટના બાદ વિસ્તારમાં ડરનો માહોલ છવાઈ ગયો છે. પોલીસ આરોપીઓની શોધખોળમાં લાગી ગઈ છે પરંતુ હજુ સુધી તેમનું કોઈ પગેરું મળ્યું નથી. મળતી જાણકારી મુજબ, હુમલાનો શિકાર બનેલા વેપારી કૈલાશ મીણા કોટામાં શાકભાજી માર્કેટમાં કૈલાશ ફ્રૂટ એન્ડ વેજીટેબલ કંપનીના નામથી દુકાન ચલાવે છે. કૈલાશ મીણા શહેરના બલ્લભબાડી કોલોનીમાં રહે છે. સોમવારે જ તેઓ શાકભાજી માર્કેટમાં દુકાન પર બેઠા હતા. આ દરમિયાન બે બાઈક પર સવાર થઈને ૬ બદમાશો આવ્યા. તેઓએ આવવાની સાથે જ કૈલાશ મીણાના નામની જોરજોરથી બૂમો પાડવા લાગી અને તેમને મારી નાખવાના ઈરાદાથી પિસ્તોલથી ફાયરિંગ શરૂ કરી દીધું. આરોપીઓએ કૈલાશ પર

● અનુસંધાન પાન-૭ પર

## ચિરાગ પાસવાનની એલજેપી અધ્યક્ષ પદેથી હકાલપટ્ટી

**સૂરજભાન સિંહને રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ બનાવાયા**

નવી દિલ્હી, તા. ૧૫

લોક જનશક્તિ પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠક મંગળવારે સંસદીય દળના નેતા પશુપતિ કુમાર પારસના નિવાસ્થાને યોજવામાં આવી હતી. આ બેઠકમાં સર્વસંમત્તિથી ચિરાગ પાસવાનને રાષ્ટ્રીય અધ્યક્ષના પદેથી હટાવી દેવામાં આવ્યા છે. તેમના સ્થાને સૂરજભાન સિંહને રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષને તે નિર્દેશ આપવામાં આવ્યો છે કે તે ૫ દિવસની અંદર રાષ્ટ્રીય પરિષદની બેઠક હોલાવે. પાર્ટી પર પોતાનો પ્રભાવ બનાવી રાખવાના પ્રયાસ હેઠળ ચિરાગ પાસવાન સોમવારે જ્યારે દિલ્હીમાં પોતાના કાકા પશુપતિ કુમાર પારસના ઘરે પહોંચ્યા હતા ત્યારે મીડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે તે એક પ્રસ્તાવ લઈને આવ્યા હતા જેમાં રાષ્ટ્રીય અધ્યક્ષ પદે તેમના રાજીનામાની રજૂઆતની સાથે તેમના માતા રીના પાસવાનને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવાની માંગ સામેલ હતી.

**બિહારની રાજનીતિમાં હલચલ, રાષ્ટ્રીય કાર્યકારણીની મિટિંગમાં નિર્ણય લેવાયો, હવે ચિરાગ અને તેના સમર્થક પણ આર-પારની લડાઈના મૂડમાં**

પરંતુ પોતાના કાકાએ તેમને ઘરના ગેટની બહાર ૨૦ મિનિટ સુધી રાહ જોવડાવી અને ત્યારબાદ આશરે ૧.૩૦ કલાક ત્યાં રહ્યા બાદ પણ કાકા સાથે મુલાકાત થઈ

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના કેસ ઓછા થતા સેંકડો ટૂરિસ્ટ્સ હિમાચલ પહોંચ્યા

**શુક્રવારથી જ ગાડીઓની સંખ્યા વધી ગઈ છે, છેલ્લા ૩૬ કલાકમાં શિમલામાં ૫૦૦૦ ગાડીઓ પ્રવેશી છે**



નવી દિલ્હી,તા.૧૫

ભારતના મોટાભાગના રાજ્યોમાં કોરોના વાયરસના કેસોમાં ઘટાડો થઈ રહ્યો છે. ટૂરિસ્ટ્સના પસંદગીના સ્થળ એવા હિમાચલમાં પણ કોરોના વાયરસનો ખતરો પહેલા જેવો નથી રહ્યો. જેના કારણે રાજ્યએ ટૂરિસ્ટ્સને કોવિડ નેગેટિવ રિપોર્ટ વિના આવવા માટેની અનુમતિ આપી છે. રવિવારના દિવસે હિમાચલ પ્રદેશના એન્ટ્રી પોઈન્ટ, પરવાણુ, જિલ્લા સોલનમાં ગાડીઓની લાંબી લાઈન જોવા મળી. અહીં ઉલ્લેખનીય છે કે બોર્ડર ખુલી હોવા છતાં મુસાફરી માટે કોવિડ-૧૯ ઈ-પાસ જરૂરી છે. એક ન્યૂઝ રિપોર્ટ મુજબ, છેલ્લા ૩૬ કલાકમાં શિમલામાં ૫૦૦૦ ગાડીઓ પ્રવેશી છે. શિમલા પોલીસે તમામ ટૂરિસ્ટ્સને કોવિડ-૧૯ના નિયમોનું પાલન કરવાનું જણાવ્યું છે. પોલીસે ચેતવણી આપી છે કે માસ્ક નહીં પહેરનાર અને સોશિયલ ડિસ્ટન્સિંગના

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં હવે, લવ જેહાદનો કાયદો અમલી

**ઉત્તરપ્રદેશ-મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં આ કાયદો અમલી : કાયદામાં ૫ વર્ષ સુધીની સજા, ૨ લાખના દંડ, સગીર સાથેના ગુનામાં ૭ વર્ષની સજા ૩ લાખના દંડની જોગવાઇ**

ગાંધીનગર, તા. ૧૫

વિધર્મી યુવકો દ્વારા હિન્દુ યુવતીઓને લગ્નની લાલચ આપીને ધર્મ પરિવર્તનની પ્રવૃતિ અટકાવવા માટે વિધાનસભામાંથી પસાર કરાયેલા લવ જેહાદ (ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ) કાયદો આજથી ગુજરાતમાં લાગુ થઈ ચુક્યો છે. અગાઉ ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં આ કાયદો લાગુ કરવામાં આવી ચુક્યો છે. ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક ૨૦૨૧ બિલ રજુ કર્યું હતું. જે વિધાનસભામાંથી પાસ થઈ ગયા બાદ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પાસે ગયું હતું. જે મંજુર થયા બાદ સરકારે નોટિફિકેશન બહાર પાડ્યું હતું. આજથી ધર્મ સ્વાતંત્ર ધારા અધિનિયમ ૨૦૨૧નો અમલ શરૂ થઈ ચુક્યો છે. ગુજરાત સરકારે આ કાયદામાં ૫ વર્ષ સુધીની સજા અને ૨ લાખ રૂપિયાના દંડની, જ્યારે સગીર સાથેના ગુનામાં ૭ વર્ષની સજા અને ૩ લાખ રૂપિયાના દંડની જોગવાઈ કરી છે. આ ઉપરાંત અનુસૂચિત જાતી, જનજાતિની સ્ત્રી સાથેના ગુનામાં ૭ વર્ષની જોગવાઈ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે.

લવ જેહાદનાં કિસ્સામાં નવી કલમ ૩ક દાખલ કરવામાં આવી છે. જેના પગલે વ્યક્તિ વિરુદ્ધ નારાજ થયેલા તેના માતાપિતા, ભાઈ બહેન અને લોહીના સગપણથી દત્ત વિધાન નથી ધરાવતી કોઈ પણ વ્યક્તિ હકુમત ધરાવતી વ્યક્તિ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી શકે છે. આ ઉપરાંત આવા કિસ્સામાં મદદગારી કરનારા વ્યક્તિ વિરુદ્ધ પણ કાયદેસરની કાર્યવાહી થશે. તેની વિરુદ્ધ બિનજામીનપાત્ર ગુનો દાખલ થશે. આની તપાસ નાયબ પોલીસ અધીક્ષક કે તેનાથી ઉચ્ચ દરજ્જાના પોલીસ અધિકારીએ જ કરવાની રહેશે.

## કોરોના સંક્રમિત લોકો માટે વેક્સિનનો એક ડોઝ પૂરતો

**સ્ટડીમાં જણાવાયું છે કે પહેલેથી કોરોના સંક્રમિત લોકોના શરીરમાં પર્યાપ્ત એન્ટીબોડી હોવાથી રસીનો સિંગલ ડોઝ પૂરતો**

હૈદરાબાદ,તા.૧૫

હૈદરાબાદ સ્થિત એઆઈજી હોસ્પિટલે તાજેતરમાં ૨૬૦ હેલ્થવર્કર્સ પર આ સ્ટડી કર્યો. જાન્યુઆરી ૧૬ થી ફેબ્રુઆરી ૫ ની વચ્ચે આ તમામ ૨૬૦ કાર્યકરોને વેક્સિન અપાઈ હતી. સ્ટડીમાં જણાવાયું કે વેક્સિનના સિંગલ ડોઝે મેમરી ટી સેલ પર જે પ્રતિક્રિયા આપી તે કોરોના સંક્રમિત લોકોમાં ઘણી વધારે હતી. જ્યારે જે લોકોને કોરોના થયો નહોતો તેમનામાં ઓછી પ્રતિક્રિયા જોવા મળી. સંપૂર્ણ વેક્સિનેશન રણનીતિ પર આ સ્ટડીની અસર પર કોમેન્ટ કરતા એઆઈજી હોસ્પિટલના ચેરમેન ડો.ડી નાગેશ્વર રેડ્ડીએ જણાવ્યું કે પરિણામો દર્શાવે છે કે જે લોકોને કોરોના થયો હોય તેમણે વેક્સિનના બન્ને ડોઝ લેવાની જરુર પડતી નથી, સિંગલ ડોઝ તેમનામાં તંદુરસ્ત એન્ટીબોડી વિકસીત કરી શકે અને સંક્રમિત ન થનાર લોકોની તુલનામાં સંક્રમિત થનાર લોકોમાં મજબૂત મેમરી સેલ રિસ્પોન્સ મળી શકે છે. હર્ડ ઈમ્યુનિટી લાવવા જ્યારે જરુરી સંખ્યામાં લોકોનું રસીકરણ કરવામાં આવે ત્યારે ફક્ત એક ડોઝ લેનાર કોરોનાથી સંક્રમિત થનાર દર્દીઓ બીજો ડોઝ લઈ શકે છે. Novavaxએ અમેરિકા અને મેક્સિકોમાં કરેલા મોટા અને છેલ્લા સ્ટડીમાં આ તારણ આપ્યું છે. કંપનીએ જણાવ્યું કે વેક્સિન લગભગ ૯૦ ટકા અસરકારક છે અને શરુઆતના આંકડામાં જણાવાયું છે કે તે સંપૂર્ણપણે સુરક્ષિત છે.




**DODLA DAIRY LIMITED** is proposing, subject to, applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed the red herring prospectus dated June 9, 2021 ("RHP") with the Registrar of Companies, Telangana at Hyderabad ("RoC") and thereafter with SEBI and the Stock Exchanges. The RHP shall be available on the websites of SEBI, BSE, NSE at www.sebi.gov.in, www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the BRLMs, i.e. at www.icicisecurities.com and www.axiscapital.co.in, respectively. Potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, see *"Risk Factors"* beginning on page 19 of the RHP. Potential investors should not rely on the draft red herring prospectus dated February 15, 2021 for making any investment decision. All capitalised terms not specifically defined herein shall have the same meaning as ascribed to them in the RHP.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (**"U.S. Securities Act"**) or any state securities laws in the United States, and unless so registered may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold (i) outside of the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur; and (ii) to "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act), pursuant to the private placement exemption set out in Section 4(a) of the U.S. Securities Act.

Adfactors 85A